
પ્રાથમિક શાળાના

ત્રીજા ધોરણનો

ગણિત શિક્ષક.



...નદાર શહેનશાહ અને શહેનશાહ બાનુ ઘણું જીવો.

રચનાર-છગનલાલ મોતીરામ શાહ.

શાહપોર-સુરત.

કિંમત રૂ. ૦-૧-૬

દેશી રાજ્યોમાં ટેક્સ્ટ બુક્સ, ઈનામ અને
લાયબ્રેરી માટે મંજુર થએલો અને
કેળવણી ખાતાના અધિકારી સાહેબો
તેમજ વિદ્વાન સદ્ગૃહસ્થોના
ઉત્તમ સર્ટિફિકેટ પામેલો.

પ્રાથમિકશાળાના

ત્રીજા ધોરણનો

મુખગણિત શિક્ષક.

રચનાર, છગનલાલ મોતીરામ શાહ.
શાહપોર—સુરત.

પ્રસિદ્ધકર્તા—છગનલાલ મોતીરામ શાહ.
પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું—શાહપોર-સુરત.

આવૃત્તિ ૨ જી પ્રત. ૩૦૦૦

છાપનાર—મટુભાઈ ભાઈદાસ
છાપવાનું ઠેકાણું—મુ. અ. ના ધી સુરત "જન"
પ્રીન્ટીંગ પ્રેસ—ખપાટીઆ ચકલા—સુરત.

જાન્યુઆરી સને ૧૯૧૫

કિંમત રૂ. ૦-૧-૬.

અર્પણ પત્રિકા.

દોહરો.

ગુરૂના ગુણ આચારમાં, લાજે ગુલ ગુલાબ;
બહેકતી પરિમલ સદા, દાતા સમ આફતાબ.

સુગુણચંદ્ર શ્રેયસ્કર શ્રીમાન્યાન્યવર્ય
વકીલ મહોદય—ગુલાબદાસ ભાઈદાસ.
સૂર્યપૂર.

હાર્દિક અભિવંદન—

આપ ઉદારચિત્ત, રાજ્યભક્ત અને સ્વદેશ સુશિક્ષાના ઉત્કર્ષાભિલાષી મહાનુભાવની સેવામાં આ નાનકડું કિન્તુ બાલોપયોગી પુસ્તક અર્પણ કરતાં કિંકરને આપના, દેશ અને પ્રજાહિતના કાર્યોમાં કટિબદ્ધતા, ગુર્જર બાલબાલિકાઓને સચ્છિક્ષા આપવાની સતત્ પ્રયત્નશીલતા, ગુર્જર સાહિત્યની વૃદ્ધિ કરવાની અસ્ખલિત ઉત્કંઠા, અને ઉગતા યોગ્ય લેખકોની કદર બુઝી ઉત્તેજન આપવાની ઉદારતા આદિ ઉત્તમ સદ્ગુણો તાદૃશ્ય ખડા થઇ સાથે સાથે સહજમાં હૃદય પણ સમર્પિત થઇ જાય છે, તો તે ઉભયને સ્વીકારી કૃતકાર્ય કરશોજી સુજ્ઞેષુ કિમધિકમ્।

આપનો આજન્મ ઋણી સેવક,

છગનલાલ મોતીરામ શાહ.

બીજી આવૃત્તિની પ્રસ્તાવના.

ટુંક મુદ્દતમાં પહેલી આવૃત્તિની બે હજાર નકલો ખપી જવાથી આ બીજી આવૃત્તિ સુધારા વધારા સાથે બહાર પાડી છે. આશા છે કે વધારે ફળપ્રદ થઈ પડશે.

પહેલી આવૃત્તિને માટે કેળવણીખાતાના અધિકારી સાહેબોએ અને વિદ્વાન સદ્‌ગૃહસ્થોએ પોતાના અભિપ્રાયો મોકલેલા તેમનો ખરા અંતઃકરણ પૂર્વક આભાર માનવાની તક લઉં છું.

શાહપોર–સુરત
તા. ૨–૧–૧૫

લિ૦ સેવક,
છગનલાલ મોતીરામ શાહ.

પ્રસ્તાવના.

ગુજરાતી પ્રાથમિક શાળાના નવા ત્રીજા ધોરણમાં મુખગણિતનો અભ્યાસક્રમ નીચે પ્રમાણે છે—"પહેલા વર્ષમાં શીખી ગએલા આંક અને કોષ્ટકોનો ઉપયોગ થાય એવું મુખગણિત"

આ મુજબ આ બુકમાં બીજા ધોરણમાં શીખા ગએલા પોણા અને સવાયા એ બે આંકના સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકારથી થતા વ્યાવહારિક ઉપયોગના બે મનોયત્નો પ્રથમ આપવામાં આવ્યાં છે. તેમાંના વિવિધ જાતના હિસાબોના જેવાજ બીજા અનેક હિસાબો શિક્ષકો પૂછી શકશે તો નિઃશક આંક અને તેનો ઉપયોગ શિષ્યોને પાકો થશે.

ત્રીજા ધોરણમાં તોલમાપ, લુગડાનાં માપ, ભરતરનાં માપ, અને વખતના સ્થાનિક કોષ્ટકો ચલાવવાનાં છે તે પણ આમાં આપવામાં આવ્યાં છે.

આ પુસ્તકમાં બીજા ધોરણમાં શીખવાએલી શેર અને મણની ઘાતોનો ઉપયોગ થાય એવા હિસાબ પણ આપવામાં આવ્યા છે.

પહેલા ધોરણમાં શીખી ગએલા આંકનો સવિસ્તર ઉપયોગ જો કે **બીજા ધોરણના "મુખગણિત શિક્ષક"** માં આપવામાં આવ્યો છે, છતાં અભ્યાસક્રમ પ્રમાણે પાછલાં સઘળાં ધોરણોના આંકનો શીખવાઈ ગએલો ઉપયોગ આ ધોરણમાં પણ પુનરાવર્ત્તન તરીકે પૂછવો જોઇએ. તે પ્રમાણે આ બુકની છેવટે આંક અને ધાતોના વ્યાવહારિક પરચુરણ હિસાબોનું વિશાળ મનોયત્ન આપવામાં આવ્યું છે, તેમાં પાછલાં બધાં ધોરણના આંકોનો તથ ધાતોનો ઉપયોગ ચઢતા ક્રમથી આપવામાં આવ્યો છે. તા૦ ૧૧-૬-૧૯૧૪

શાહપોર } લિ૦ સેવક,
સુરત } છગનલાલ મોતીરામ શાહ.

અનુક્રમણિકા.

પ્રકરણ ૧.

પોણાનું મુખગણિત.

મનોયત્ન ૧.

૧) અર્ધો ને પાવલી મળીને કેટલા રૂપીઆ થાય ?

૨) કેટલા પાવલા મળીને પોણો રૂપીઓ થાય ?

૩) ૦ાા ગજ લુગડું હતું બીજું ૦ાા ગજ લીધું તો કેટલું થયું ?

૪) ૧ાં શેર દૂધમાંથી ૦ાા શેર ઢોળાઇ ગયું તો કેટલું રહ્યું ?

૫) પોણા કાગળમાંથી ૦ા કાગળ કેટલા થશે ?

૬) મારી પાસે રૂ. ૦ા છે તેમાં શું ઉમેરૂં તો રૂ. ૦ાા થાય?

૭) ૧૨ અડધા અને ૧૨ પાવલા મળીને કેટલા રૂપીઆ થાય?

૮) ૨૭માં ૦ાા ઉમેરૂં તો કેટલા થાય ?

૯) ૬૨ા મણ ઘઉં હતા બીજા ૦ાા મણ લાવ્યો તો કેટલા થયા ?

૧૦) મારી પાસે રૂ. ૬૧ા હતા તેમાંથી રૂ. ૦ાા ખોવાઇ ગયો તો કેટલા રહ્યા ?

૧૧) રૂ. ૨૪માંથી રૂ. ૦ાા ખરચ્યો તો બાકી શું રહ્યું ?

૧૨) ૪૫+૦ાા; ૪૭ા+૦ાા; ૩૭ાા+૦ાા; ૬૯ાા+૦ાા કેટલા?

૧૩) ૦ાા+૪૫ાાા; ૦ાા+૬ાા; ૦ાા+૪૮ાા કેટલા ?

૧૪) ૬૫ા−૦ાા; ૬૭ા−૦ાા; ૪૮ાા−૦ાા; ૬૩ાા−૦ાા કેટલા?

૧૫) કઇ સંખ્યામાંથી ૦ાા લઇએ તો ૪૫ાા, ૪૮, ૩૮ા, ને ૭૦ાા રહે ?

૧૬) ૧૭×૦ાા; ૨૩×૦ાા; ૪૭×૦ાા; ૯૯×૦ાા; ૬૭×૦ાા; કેટલા?

૧૭) જેટલા અડધા તેટલીજ પાવલીઓ કેટલી વખત લઇએ તો ૬૯ થાય ?

૧૮) એક તપેલામાં ૦ાા મણ દૂધ માય તો એવા ૮ તપેલામાં કેટલા શેર દૂધ માય ?

૧૯) એક રૂપીઆનું ૦ાા ગજ તો રૂ. ૨૭ નું કેટલું ?

૨૦) ૦ાા ગજનું એક પાટલુન થાય તો ૨૮ પાટલુનમાં કેટલા ગજ લુગડું વપરાય ?

૨૧) રૂ. ૦ાા નું એક શેર તો ૨૪ શેરનું શું ?

૨૨) રૂ. ૩૪માંથી પોણો રૂપીઓ કેટલા છોકરાને અપાય ?

૨૩) એક આનાનું ૦ાા શેર તો રૂ. ૪)નું કેટલું ?

૨૪) એક છોકરાને રૂ. ૦ાા આપીએ તો ૭૨ છોકરાને આપવા કેટલા રૂપીઆ જોઇએ ?

૨૫) એક શીશીમાં ૦ાા શેર સાહી માય તો ૬૮ શીશીમાં કેટલી માશે ?

૨૬) રૂ. ૬૦ છે ને છોકરા ૮૦ છે તો દરેકને શું મળશે ?

૨૭) મહીને ૦ાા મણ ચોખા જોઇએ તો ૫૭ મહીનામાં કેટલા જોઇએ ?

૨૮) રૂ. ૩૩ છે તેમાં પોણો રૂપીઓ કેટલીવાર ઉમેરૂં તો ૪૫ રૂ. થાય ?

૨૯) એક માણુસને ૦ાા શેર અનાજ જોઇએ તો ૬૧ માણુસને કેટલું જોઇએ ?

૩૦) એક શેર બદામનો રૂ. ૦ાા પડે તો ૨૧ શેરનું શું બેસશે?

૩૧) ૦ાા ગજ બનાતનો રૂ. ૧ બેસે તો તો ૨૭ાાં ગજનું શું બેસશે?

૩૨) ૯૬ કોટની શીવડામણી રૂ. ૭૨ બેઠી તો એક કોટની શી ?

૩૩) કેટલા પોણા હોય તો ૩૯ આખા થાય ?

૩૪) ૪૨ આખાના પોણા કેટલા? ૩૬ પોણાના આખા કેટલા?

૩૫) પોણા રૂપીઆના પૈસા કેટલા ?

૩૬) ૫૬ા ગજ કપડામાંથી ૦ાા ગજના કેટલા રૂમાલ થાય?

૩૭) રૂ. ૨૭ના ૩૬ પહેરણ મળે તો એક પહેરણનું શું ?

૩૮) કેટલા પોણે ૬૯? કેટલા પોણે ૨૯ા? કેટલા પોણે ૭૨ાા ?

૩૯) ૫૯ પોણું? ૬૯ પોણું? ૭૯ પોણું? ૪૯ પોણું કેટલા ?

૪૦) પોણા રૂપીઆમાં ૩ પૈસા ઓછા છે તો કેટલા હશે?

૪૧) પોણો કેટલીવાર લઈએ તો ૩૩ાા થાય ?

૪૨) ૫૨ પોણાના આખા કેટલા? ૬૪ પોણાના આખા કેટલા?

૪૩) ઘોડાને રોજ ૦ાા શેર ચંદી જોઇએ તો ૪૮ શેર કેટલા દિવસ ચાલશે ?

૪૪) કેટલા પોણે ૯, ૧૫, ૨૭, ૪૨, ૭૨ થાય ?

૪૫) ૩૯ પેંડામાંથી ૦ાા પેંડો કેટલા છોકરાને અપાય ?

૪૬) પોણો હજાર તે કેટલા? પોણોસો લખો. પોણીસો લખો.

૪૭) કેટલા પોણા હોય તો પુરેપુરા આખા થાય ?

૪૮) પોણાની ચચ્ચારની પલાખી બોલો.

૪૯) પોણાની બબ્બેની પલાખી લખો.

૫૦) એક કડીઓ દરરોજ રૂ. ૦ાા કમાય તો ૮ કડીઆ ૨૯ દિવસમાં શું કમાશે ?

૫૧) રૂ. ૫ાાની મણ ખાંડ મળે તો ૨૭ મણનું શું ?

૫૨) ૦ાા આનાનું શેર કોળું મળે તો રૂ. ૦ાાનું કેટલું આવે?

સવાયાનું મુખગણિત.

મનોયત્ન ૨.

૧) રૂપીઓ ને પાવલી મળીને કેટલા રૂપીઆ થાય ?

૨) કેટલાં પાવલાં મળીને સવા રૂપીઓ થાય ?

૩) સવા રૂપીઆમાં ૦ા રૂપીઓ કેટલી વાર છે ?

૪) સવા રૂપીઆમાં શું ઉમેરીએ તો ૨ાા રૂપીઆ થાય?

૫) સવા કાગળમાંથી ૦ા કાગળ કેટલા થશે ?

૬) રૂ. ૩ા છે ૫ રૂપીઆ કરવા છે તો કેટલા ખૂટે ?
૭) ૧૫ રૂપીઆ ને ૧૫ પાવલી મળીને કેટલા રૂપીઆ થાય?
૮) ૪૩ાા માં ૧ા ઉમેરૂં તો કેટલા થાય ?
૯) મારી પાસે રૂ. ૭૮ાા છે તેમાંથી ૧ા રૂપીઓ ખરચ્યો તો શું બાકી રહ્યું ?
૧૦) ૬૮ાા રૂપીઆ હતા ને મારા ભાઈ ૧ા રૂપીઓ આપે તો મારી પાસે કેટલા રૂપીઆ થાય ?
૧૧) રૂ. ૪૫)માંથી ૧ા રૂપીઓ ધર્માદા કર્યો તો કેટલા રહ્યા ?
૧૨) જેટલા રૂપીઆ તેટલાજ પાવલા ૪૩ વખત લઈએ તો કેટલા રૂપીઆ થાય ?
૧૩) ૩૮ાા+૧ા, ૬૭ાા+૧ા, ૫૬ા+૧ા, ૭૦+૧ા કેટલા ?
૧૪) ૧ા+૪૫, ૧ા+૪૭ા, ૧ા+૩૬ા, ૧ા+૭૮ાા કેટલા ?
૧૫) ૭૮ાા−૧ા, ૫૭ાા−૧ા, ૩૬ા−૧ા, ૧૦૦−૧ા કેટલા ?
૧૬) ૪૦−૩૮ાા, ૬૮ાા−૬૭ાા, ૮૨ાા−૮૧ા, ૭૧ા−૭૦ કેટલા ?
૧૭) ૯૯×૧ા, ૭૫×૧ા, ૬૫×૧ા, ૫૯×૧ા, ૭૯×૧ા કેટલા ?
૧૮) ૩૭×૧ા, ૭૭×૧ા, ૯૫×૧ા, ૭૦૦×૧ા કેટલા ?
૧૯) કેટલા સવા ૪૫? કેટલા સવા ૫૬ા? કેટલા સવા ૪૮ાા?
૨૦) ૧ા રૂપીએ શેર નો ૩૯ શેરનું શું ?
૨૧) એક બંડીમાં ૧ા ગજ કપડું જાય તો ૪૫ ગજમાંથી કેટલી બંડી થશે ?
૨૨) રૂ. ૧)નું ૧ા શેર ઘી મળે તો ૪૩ રૂપીઆનું કેટલું આપે?
૨૩) ૮૫ રૂપીઆમાં સવા રૂપીઓ કેટલી વાર છે ?
૨૪) એક આનાનું ૧ા શેર કોળું મળે તો રૂ. ૩)નું કેટલું આવશે?
૨૫) એક કડીઓ રોજ ૧ા રૂપીઓ કમાય તો ૩૯ દિવસમાં શું કમાશે ?
૨૬) ૭૨ તપેલી લેવી છે એક તપેલીનું વજન ૧ા શેર થાય છે તો બધી તપેલીનું વજન કેટલા મણ થશે ?

૨૭) ૮૦ છોકરા વચ્ચે ૧૦૦ રૂપીઆ વહેંચીએ તો દરેકને શું મળે ?

૨૮) રોજ ૧। શેર લોટ વપરાય તો ૩૦ દિવસમાં કેટલો વપરાશે?

૨૯) હું ૪૧ માણુસ પાસે સવા સવા રૂપીઓ માગું છું તો મારૂં કુલ લેણું કેટલું હશે ?

૩૦) એક છોકરો ૧। શેર દૂધ પીએ તો ૬૭ છોકરા કેટલું દૂધ પીશે ?

૩૧) એક શેર ધાણાનો સવા આનો બેસે તો ૭ શેર ધાણાનું શું આપવું પડશે ?

૩૨) ૪૩ રૂપીએ મણ બદામ મળે તો ૧। મણનું બેસશે ?

૩૩) સવા શેર વેગણનો એક આનો તો ૫૮।।। શેર વેગણનું શું ?

૩૪) એક કોટની શીવડામણી ૧। રૂપીઆ લેખે દરજીને મેં ૪૩।।। રૂપીઆ આપ્યા ત્યારે કેટલા કોટ શીવડાવ્યા હશે ?

૩૫) ૯૦ રૂપીઆમાંથી સવા સવા રૂપીઆની કેટલી ઢગલીઓ થશે?

૩૬) એક તાકામાં ૪૭।। ગજ કપડું છે તેમાંથી સવા સવા ગજના કેટલા પહેરણ થશે ?

૩૭) ૫૫ રૂપીઆમાં ૪૪ ટોપી લીધી તો એક ટોપીની કેટલી કિંમત પડી ?

૩૮) કેટલી વાર સવા લઈએ તો ૮૮।।।; ૭૩।।।; ૪૬।; ૧૦૭।।; ૮૭૫ થાય ?

૩૯) એક હજામતનો ૧। આનો આપવો પડે છે મેં હજામને રૂ. ૫ આપ્યા ત્યારે કેટલી હજામત કરાવી હશે ?

૪૦) ૪૨।। રૂપીઆમાંથી સવા રૂપીઆવાળી કેટલી છત્રીઓ આવશે ?

૪૧) સવાયાની ચચ્ચારની પલાખી બોલો.

૪૨) સવાયાની બબ્બેની પલાખી લખો.

૪૩) ૪૪ વાર સવા રૂપીઓ લેવાને બદલે ૨॥ રૂપીઆ કેટલી વાર લઇએ તો ચાલે ?

૪૪) ૯૯×૧।થી ૭૯×૧। સુધી ઉલટા બોલો.

૪૫) કેટલા સવા હોય તો પુરેપુરા આખા થાય ?

૪૬) ૧૨ સુથારને રોજના સવા રૂપીઆ લેખે ૮ દિવસના કેટલા રૂપીઆ મળશે ?

૪૭) મણ સાકરના રૂ. ૫। બેસે તો ૨૯ મણનું શું બેસે ?

૪૮) ૧। આને શેર હળદર મળે તો ૧। રૂપીઆની કેટલી આવે?

પ્રકરણ ૨.

કોષ્ટકો.

અર્થદર્શક પરિમાણો.

ચલણી નાણાનું કોષ્ટક

૧॥ પાઈ	=૧ અધેલો.
૩ પાઈ	=૧ પૈસો(સવાકો)
૨ પૈસા	=૧ ઢબુ(અઢીકો)
૪ પૈસા	=૧ આનો.
૨ આના	=૧ બે આની.
૨ બેઆની	=૧ પાવલી.
૨ પાવલી	=૧ અડધો.
૨ અડધા	=૧ રૂપીઓ.
૧૫ રૂપીઆ	=૧ ગેણી.

સરકારી હિસાબમાં.

૧૨ પાઈ	=૧ આનો.
૧૬ આના	=૧ રૂપીઓ

વેપારી હિસાબનું.

૧૬ વીસવાસી	=૧ બદામ.
૧૬ બદામ	=૧ દોકડો.
૧૦૦ બદામ	=૧ આનો.
૧૦૦ દોકડા	=૧ રૂપીઓ.
૧૬૦૦ બદામ	=૧ રૂપીઓ.

ભારદર્શક પરિમાણો.

૨॥ રૂપીઆભાર	=૧ અધોળ.
૪॥ જુના પૈસાભાર	=૧અધોળ.
૪॥ ટાંક	=૧અધોળ.
૨ અધોળ	=૧નવટાંક.
૨ નવટાંક	=૧પાશેર
૨ પાશેર	=૧અચ્છેર
૨ અચ્છેર	=૧શેર

૪૦ રૂપીઆભાર =૧ શેર.

૭૨ જુના પૈસાભાર=૧ શેર.

૯૬ નવા પૈસાભાર=૧ શેર.

---

૪૦ શેર =૧ મણ.

૫ મણ=૧ કોથળો.

૭ મણ=૧ નાનો હારો.

૧૨ મણ=૧ માણી.

૧૬ મણ=૧ કળશી.

૨૦ મણ=૧ ખાંડી.

૨૧ મણ=૧ મોટો હારો.

૨૪ મણ=૧ ભાર.

૩૦ મણ=૧ ગાલ્લી.

૩૨ મણ=૧ એડીઉં.

૪૦ મણ=૧ મુડો.

૧૦૦ મણ=૧ મોટો મુડો.

રૂ તથા કપાસ તોળવાનું.

૪૮ શેર=૧ ધડી.

૨૦ ધડી=૧ ભાર.

મુંબઈમાં ચાલતું માપ.

૨ ટીપરી =૧ શેર.

૪ શેર =૧ પાયલી.

૧૬ પાયલી =૧ ફરો (મણ

૮ ફરા =૧ ખાંડી.

૨૫ ફરા =૧ મુડો.

સોનું રૂપું તોળવાનું. દેશી

૬ ચોખાભાર=૧ રતી.

૩ રતી =૧ વાલ.

૧૬ વાલ =૧ ગદિઆણો

૨ ગદિઆણા=૧ તોલો.

૩૨ વાલ =૧ તોલો.

દક્ષિણમાં ચાલતું.

૮ રતી =૧ માસો.

૧૨ માસા=૧ તોલો.

ગણત્રીનું કોષ્ટક.

૧૨ નંગ =૧ ડઝન.

૧૨ ડઝન=૧ ગ્રોસ (ગ્રુસ)

૨૦ નંગ =૧ કોડી (કુંડી)

૧૦૦ નંગ =૧ સેંકડો.

૧૦ સેંકડા=૧ હજાર.

કાગળ ગણવાનું.

૨૪ તાવ=૧ ધા (દસ્તો)

૨૦ ધા =૧ રીમ.

૧૦ રીમ=૧ ગાંસડી.

મહત્વદર્શક પારમાણો.

કપડા ભરવાનું.

૨ આંગળ=૧ તસુ.

૧૨ તસુ =૧ ફુટ.

૨ ફુટ =૧ ગજ.

૨૪ તસુ =૧ ગજ.

૩ ફુટ =૧ વાર.
૩૬ તસુ =૧ વાર.
૨૦ તસુ =૧ હાથ

અંતર માપવાનું. (દેશી)

૮ ઉભાજવ=આંગળ.
૪ આંગળ =૧ મુઠ્ઠી.
૩ મુઠ્ઠી =૧ વેંત.
૨ વેંત =૧ હાથ.
૪ હાથ =૧ દંડ.
૨૦૦૦ દંડ =૧ ગાઉ
૪ ગાઉ =૧ જોજન
૧ ગાઉ =૨॥ માઇલ.

દેશી ચોરસ માપ.

૨૦ કાઠી=૧ વસો.
૨૦ વસા=૧ વીંઘું.

કાળદર્શક પરિમાણો.

૬૦ વિપળ=૧ પળ.
૬૦ પળ =૧ ઘડી.
૭॥ ઘડી =૧ પહોર.
૮ પહોર } =૧ દિવસ
૬૦ ઘડી }
૭ દિવસ=૧ અઠવાડીઉં.
૧૫ દિવસ=૧ પખવાડીઉં.
૩૦ દિવસ=૧ મહીનો.
૧૨ મહીના=૧ વર્ષ.
૫૨ અઠવાડીઆં=૧ વર્ષ.
૩૬૦ દિવસ= ૧ વર્ષ.

---

૬૦ સેકંડ =૧ મિનિટ.
૬૦ મિનિટ=૧ કલાક.
૨૪ કલાક =૧ દિવસ.
૨॥પળ =૧ મિનિટ.
૨૪ મિનિટ=૧ ઘડી.
૨॥ઘડી =૧ કલાક.
૩ કલાક =૧ પહોર.

પ્રકરણ ૩.

શેરનું અડધું કેટલું? અચ્છેરનું અડધું! પાશેરનું અડધું? નવટાંકનું અડધું? અધોળનું અડધું કેટલું!

મણનું અડધું કેટલું? અધમણનું અડધું કેટલું? દશશેરનું અડધું? પાંચશેરનું અડધું! અઢીશેરનું અડધું? સવાશેરના અધોળા કેટલા? સવાશેરનું અડધું?

શેરનો રૂ. ૧) પડે તો અચ્છેરનું શું બેસે! જ. રૂ. ૦॥.
અચ્છેરનો રૂ. ૧) પડે તો પાશેરનું શું બેસે? જ. રૂ. ૦॥.
પાશેરનો રૂ. ૧) પડે તો નવટાંકનું શું બેસે? જ. રૂ. ૦॥.

નવટાંકનો રૂ. ૧) પડે તો અધોળનું શું બેસે ? જ. રૂ. ૦॥. અધોળનો રૂ.૧) બેસે તો અડધા અધોળનું (સવારૂપીઆભારનું) શું પડે ? જ. રૂ. ૦॥.

મણુનો રૂ. ૧)પડે તો અધમણુનું શું બેસે ? જ. રૂ. ૦॥. અધમણુનો રૂ. ૧) પડે તો દશશેર (ા મણુ) નું શું બેસે ! જ. રૂ. ૦॥. દશશેરનો રૂ. ૧) બેસે તો પાંચશેરનું શું બેસે ? જ. રૂ. ૦॥. પાંચશેરનો રૂ. ૧) બેસે તો અઢીશેરનું શું બેસે ? જ. રૂ. ૦॥. અઢીશેરનો રૂ. ૧) બેસે તો સવાશેરનું શું બેસે ? જ. રૂ. ૦॥. સવાશેરનો રૂ. ૧) બેસે તો દશ અધોળનું શું બેસે ? જ. રૂ. ૦॥.

ઉપરના હિસાબોમાં તમે વજનનો કેટલામો ભાગ લીધો? જ. ૦॥ ભાગ. કિંમતનો કેટલામો ભાગ આપ્યો ? જ. ૦॥ ભાગ. વજનનો અડધો ભાગ લઇએ તો કિંમતનો કેટલામો ભાગ આપવો પડે ? જ. ૦॥ ભાગ. વજનનો ચોથો ભાગ લઇએ તો કિંમતનો કેટલામો ભાગ આપવો પડે ? જ. ચોથો ભાગ. વજનનો આઠમો ભાગ લઇએ તો કિંમતનો કેટલામો ભાગ આપવો પડે ? જ. આઠમો ભાગ. વજનનો સોળમો ભાગ લઇએ તો કિંમતનો કેટલામો ભાગ આપવો પડે ? જ. સોળમો ભાગ. વજનનો ૩૨મો ભાગ લઇએ તો કિંમતનો કેટલામો ભાગ આપવો પડે ? જ. ૩૨ મો ભાગ. વજનનો ૪૦ મો ભાગ લઇએ તો કિંમતનો કેટલામો ભાગ આપવો પડે ? જ. ૪૦ મો ભાગ. વજનનો ૧૬૦૦ મો ભાગ લઇએ તો કિંમતનો કેટલામો ભાગ આપવો પડે ? જ. સોળસેમો ભાગ. આ ઉપરથી કઇ રીત નીકળી ? જ. ૧) **વજનનો જેટલામો ભાગ લઈએ તેટલામો ભાગ કિંમતનો આપવો પડે.**

કિંમતનો અડધો ભાગ આપીએ તો વજનનો કેટલામો ભાગ

મળે ? જ. અડધો. કિંમતનો ચોથો ભાગ આપીએ તો વજનનો કેટલામો ભાગ મળે ? જ. ચોથો ભાગ મળે.

આ ઉપરથી કઇ રીત નીકળી ? જ. ૨)**કિંમતનો જેટલામો ભાગ આપીએ તેટલામો ભાગ વજન મળે.**

અચ્છેર બે વખત લઇએ તો કેટલું થાય ? અચ્છેરનું બમણું કેટલું ? પાશેરનું બમણું કેટલું ? નવટાંકનું બમણું કેટલું ? અધોળનું બમણું કેટલું ? સવા રૂપીઆભારનું બમણું કેટલું ?

અધમણ બે વખત લઈએ તો કેટલું થાય ? દશશેરનું બમણું કેટલું ? પાંચશેરનું બમણું કેટલું ? અઢીશેરનું બમણું કેટલું ? સવાશેરનું બમણું કેટલું ?

અચ્છેરનો રૂ. ૧) પડે તો શેરનું શું ? જ. રૂ. ૨). પાશેરનો રૂ. ૧) પડે તો અચ્છેરનું શું ? જ. રૂ. ૨) નવટાંકનો રૂ. ૧) પડે તો પાશેરનું શું ? જ. રૂ. ૨). અધોળનો રૂ. ૧) પડે તો નવટાંકનું શું ? જ. રૂ. ૨).

અધમણનો રૂ. ૧) પડે તો મણનું શું ? જ. રૂ. ૨.) દશશેરનો રૂ. ૧) પડે તો અધમણનું શું ? જ. રૂ. ૨). પાંચશેરનો રૂ. ૧) તો દશશેરનું શુ ? જ. રૂ. ૨). અઢીશેરનો રૂ. ૧) તો પાંચશેરનું શું ? જ. રૂ. ૨). સવાશેરનો રૂ. ૧) તો અઢીશેરનું શું ? જ. રૂ. ૨).

ઉપરના હિસાબોમાં તમે વજનથી કેટલા ગણું વજન લીધું ? જ. બમણું. કિંમતથી કેટલા ગણી કિંમત આપી ? જ. બમણી. બમણું વજન લઇએ તો કિંમત કેટલી આપવી પડે ? જ. બમણી. ચાર ગણું વજન લઇએ તો કિંમત કેટલી આપવી પડે ? જ. ચાર ગણી. આઠ ગણું વજન લઇએ તો કિંમત કેટલી આપવી પડે? જ. આઠ ગણી.

ઉપરના હિસાબો પરથી કઇ રીત નીકળી ? જ.

૧) વજન જેટલા ગણું લઈએ તેટલા ગણી કિંમત આપવી પડે.

બમણી કિંમત આપીએ તો વજન કેટલા ગણું મળે? જ. બમણું. ચાર ગણી કિંમત આપીએ તો વજન કેટલા ગણું મળે ? જ. ચાર ગણું વજન મળે. આ ઉપરથી કઇ રીત નીકળી ? જ.

૨) જેટલા ગણી કિંમત આપીએ તેટલા ગણું વજન મળે.

શેરની ધાતનો ઉપયોગ.

મનોયત્ન ૩.

૧) રૂપીઆભાર ઘી લીધું એમાં શું સમજાય ?
૨) પૈસો એટલે શું ? પૈસો ને પૈસાભાર; રૂપીઓ ને રૂપીઆભારમાં ફેર શું તે સમજાવો.
૩) અધોળના રૂપીઆભાર કેટલા ? પૈસાભાર કેટલા ?
૪) અધોળ તોળવા માટે કેટલા રૂપીઆ મૂકવા ? કેટલા પૈસા મૂકવા ?
૫) ૨॥ રૂપીઆનો ભાર કેટલા પૈસાના ભાર બરાબર છે ?
૬) ૪॥ પૈસા મૂકીને તોળવાને બદલે કેટલા રૂપીઆ મૂકીને તોળીએ તો ચાલે ?
૭) અધોળ દરાખ લીધી બીજીવાર અધોળ લીધી કેટલી થઇ?
૮) અધોળ બે વખત લેવાને બદલે એક્કી વખતે કેટલું લેવું?
૯) નવટાંકના અધોળા કેટલા ? કેટલા અધોળાનો નવટાંક થાય?
૧૦) નવટાંકના રૂપીઆભાર કેટલા ? પૈસાભાર કેટલા ?
૧૧) નવટાંક તેલમાંથી ૪॥ પૈસાભાર ઢોળાઈ ગયું કેટલું રહ્યું ?
૧૨) ૪॥ પૈસાભાર બદામમાં ૨॥ રૂપીઆભાર એલચી નાખી તો કેટલું વજન થયું ?

૧૩) પાશેરના નવટાંક કેટલા ? અધોળ કેટલા? રૂપીઆભાર કેટલા ? પૈસાભાર કેટલા?

૧૪) ૨ નવટાંક; ૪ અધોળ; ૧૦ રૂપીઆભાર; ૧૮ પૈસાભાર કયા કાટલાની બરાબર છે?

૧૫) ૧૦ રૂપીઆભાર, ૧૮ પૈસાભાર, ૨ નવટાંક, ૪ અધોળ એમાં ભાર કોનો વધારે ?

૧૬) ૪।। પૈસાભાર ખાંડ, અધોળ ઘી અને નવટાંક લોટ લીધો તો બધું મળી કેટલું વજન થયું ?

૧૭) પાશેર મધમાંથી અધોળ વપરાયુ તો કેટલું રહ્યું ?

૧૮) ૨।। રૂપીઆભાર મરી, ૫ રૂપીઆભાર તજ, અને ૪।। પૈસાભાર એલચીમાં કેટલી સૂંઠ નાખું તો પાશેર વજન થાય ?

૧૯) પાશેર કોની કોની બરાબર છે ? પાશેર ને પાશેર કેટલું ?

૨૦) કેટલા પાશેરા હોય તો અચ્છેર જેટલું વજન થાય ?

૨૧) અચ્છેરના પાશેરા કેટલા ? નવટાંકા કેટલા ? અધોળ કેટલા ? રૂપીઆભાર કેટલા ? પૈસાભાર કેટલા ?

૨૨) અચ્છેર કોની કોની બરાબર છે ?

૨૩) અચ્છેર ઘીમાંથી વાપરતાં ૩ અધોળ રહ્યું ત્યારે કેટલું વપરાયું?

૨૪) ૩ નવટાંક સાહી લીધી પણ શીશીમાં અચ્છેર માય છે તો શીશી ભરવાને બીજી કેટલી લેવી ?

૨૫) અચ્છેર લોટ ને પાશેર ઘી મળી કેટલું વજન થયું ?

૨૬) પોણોશેરના પાશેરા કેટલા ? નવટાંકા કેટલા ? અધોળા કેટલા ? રૂપીઆભાર કેટલા ? પૈસાભાર કેટલા ?

૨૭) એકલા રૂપીઆથી પોણોશેર શી રીતે તોળી આપવું ?

૨૮) ૧૫ રૂપીઆ છે બીજા કેટલા રૂપીઆ હોય તો પોણો શેર તોળી અપાય ?

૨૯) પોણોશેર કોની કોની બરાબર છે ?

૩૦) પોણોશેર દૂધમાં પાશેર પાણી મળવ્યું તો કેટલું થયું ?

૩૧) શેરમાંથી કેટલું લઇએ તો પોણોશેર રહે ?

૩૨) શેરના અચ્છેરા કેટલા ? પાશેરા કેટલા ? નવટાંક કેટલા ? અધોળ કેટલા ? રૂપીઆભાર કેટલા ? પૈસાભાર કેટલા ?

૩૩) શેર કોની કોની બરોબર છે ?

૩૪) આ રેતીના ઢગલામાંથી આ અધોળી વડે નવટાંકી, પાશેરો, અચ્છેરો, અને શેરીઓ બનાવો.

૩૫) નવટાંકની ધાત બોલો. શેરની ધાત બોલો.

૩૬) કેટલી વખત નવટાંક લઇએ તો શેર થાય ? ०॥। શેર લેવું હોય તો નવટાંક કેટલીવાર લેવું ?

૩૭) ૧૬ અધોળ તે કેટલા શેર ? ૭ શેરના અધોળા કેટલા ? ૧॥શેરના ? ૨॥શેરના ? ०॥।શેરના ? ૧। શેરના કેટલા ?

૩૮) ૪ શેર તોળવા માટે પાશેરા કેટલા મૂકવા ? ચાર શેરના પાશેરા કેટલા ?

૩૯) ૩૦ રૂપીઆ છે એનો ભાર કેટલો ? એટલોજ ભાર કેટલા પૈસાનો છે ?

૪૦) ત્રાજવાના એક પલ્લામાં પાંચશેરી મૂકી છે ને સામા પલ્લામાં પાશેરો મૂકયો છે તો કેટલું તોળાશે ?

૪૧) ૨ પાઇની પાશેર દૂધી મળે તો શેરનું શું બેસે ?

૪૨) ૯ પાઇનું શેર દૂધ આવ્યું ત્યારે ०॥। શેરનું શું આપવું ?

૪૩) ૮ આને શેર બદામ મળે તો પાશેરનું શું આપવું ?

૪૪) બાર વખત અધોળ અધોળ મધ લીધું ત્યારે તે કેટલું થયું ?

૪૫) શેરમાં ૪ પૈસાભાર દૂધ ઓછું મળ્યું ત્યારે પોણોશેર કરતાં કેટલું વધારે અથવા ઓછું મળ્યું ?

૪૬) પાંચશેર ને નવટાંક ઘી છે તેમાં કેટલું નાખું તો ૭ શેર થાય?

૪૭) ૮ પૈસાનું શેર દૂધ મળે તો નવટાંકનું શું ? અને એક પૈસાનું કેટલું આવે ?

૪૮) બે પાઈનું પાશેર દૂધ આવ્યું તો એક આનામાં કેટલું આવશે?
૪૯) રાા શેરના રૂપીઆભાર કેટલા? પૈસાભાર કેટલા?
૫૦) ૧૫ રૂપીઆભાર કેટલા અધોળની બરાબર છે?
૫૧) દોઢ પાશેર તે કેટલા રૂપીઆભારની બરોબર?
૫૨) ૧ા શેર ને ૫ રૂપીઆભારના રૂપીઆભાર કેટલા?
૫૩) એક પાશેર ને એક અધોળના અધોળ કેટલા?
૫૪) અઢી પાશેરના નવટાંક કેટલા? અધોળ કેટલા?
૫૫) ૨૦ રૂપીઆભાર તે કેટલા નવા પૈસાભારની બરાબર છે?
૫૬) કેટલા નવા પૈસાભાર ૧ાા શેર થાય?
૫૭) પોણોશેર ને નવટાંકના રૂપીઆભાર કેટલા?
૫૮) શેર ને પાશેરા વડે પોણો શેર શી રીતે તોળી આપવું?
૫૯) નવટાંક લોટ ને ૪ાા પૈસાભાર ઘી મળી કેટલું વજન થાય?
૬૦) અચ્છેર બદામ, ૫ રૂપીઆભાર સાકર અને ૯ પૈસાભાર એલચી નાંખી તેમાં કેટલો લોટ નાખું તો ૧ શેર વજન થાય?
૬૧) પોણો શેર ઘીમાંથી ૧૮ પૈસાભાર ઢોળાઇ ગયું તો હવે કેટલા શેર રહ્યું.
૬૨) ૩૦ રૂપીઆભાર વધારે કે ૩૬ પૈસાભાર?
૬૩) નવટાંક, પાશેર, અચ્છેર, પોણોશેર ને શેર તોળવું હોય તો કેટલા રૂપીઆ મૂકવા?

મણની ધાતનો ઉપયોગ.

મનોયત્ન ૪.

૧) મણના શેર કેટલા? કેટલા શેરનો મણ? શેરના રૂપીઆભાર કેટલા? મણના રૂપીઆભાર કેટલા?
૨) ૧ા મણના શેર કેટલા? ૦ાા મણના શેર કેટલા?

૩) ૪૮ શેર તે એક મણુથી કેટલું વધારે? અને સવામણુથી કેટલું ઓછું ?

૪) ૧ાા મણુમાંથી ૩ શેર લઇએ તો કેટલું રહે ?

૫) ૩૮ શેર તે ૦ાાા મણુથી કેટલું વધારે ? અને મણુમાં કેટલું ઓછું ?

૬) ૧૦૦, ૬૦, ૫૦, ૩૦, ૨૦, ૧૦ શેરના મણુ કેટલા ?

૭) મણુના દશશેરા કેટલા ? પાંચશેરી કેટલી ? અઢીશેરી કેટલી ? સવાશેરી કેટલી ? અધમણીઆ કેટલા ?

૮) ૨ાા મણુ ૭ શેરના શેર કેટલા ?

૯) ૧ાા મણુની પાંચશેરી કેટલી ? અઢીશેરી કેટલી ?

૧૦) ૧ાા મણુમાંથી પાંચશેર કેટલી વખત આપી શકાય ? ૧ા શેર કેટલી વખત આપી શકાય ?

૧૧) ૨૫ શેરમાં ૫ શેર નાખીએ તો કેટલા મણુ થાય ? ૫ શેર કાઢી લઇએ તો કેટલા મણુ રહે ?

૧૨) ૩૫ શેરમાંથી ૫ શેર કાઢી લઇએ તો કેટલા મણુ રહે ?

૧૩) ૨ાા મણુ ઘીમાંથી ૨૫ શેર ઢળી ગયું તો કેટલું રહ્યું ?

૧૪) એક મણુ ઘી આપવું હોય તો કેટલા રૂપીઆ મૂકીને તોળી આપવું ? પાંચશેરીથી કેટલીવાર તોળવું ?

૧૫) મારે મણુ દાળ જોઇએ છીએ તેમાં ૩૨ શેર છે તો બીજી કેટલી લાવવી ?

૧૬) અધમણીઓ, દશશેરી, અને પાંચશેરી એક ત્રાજવામાં મૂકીએ તો કેટલા શેર તોળાય ?

૧૭) ૦ાાા મણુ તે ૩૮ શેરથી કેટલું ઓછું ?

૧૮) ૨ા મણુમાં ૧૦ શેર ઓછું તે કેટલું થયું ?

૧૯) મણુ તોળવાને માટે બશેરીથી કેટલી વખત તોળવું ?

૨૦) અઢીશેર કેટલી વખત લઇએ તો મણુ થાય? મણુનો ૧૬ મો ભાગ શું?

૨૧) કેટલી વખત સવાશેર લઇએ તો મણુ થાય?

૨૨) સાત વખત દશશેર તોળી આપ્યું તો કેટલા મણુ થયું?

૨૩) એક તામડીમાં ૮ શેર દૂધ માય છે મારે ૨ મણુ લેવું હોય તો તામડી કેટલી વખત ભરી લેવી?

૨૪) મણુના શેર કેટલા? શેરના અધોળ કેટલા? મણુના અધોળ કેટલા?

૨૫) ૧ાા મણુ અનાજ છે રોજ બશેર વાપરીએ તો કેટલા દિવસ ચાલે? અને ૩ શેર વાપરીએ તો?

૨૬) શેર એ મણુનો કેટલામો ભાગ છે?

૨૭) ૨ાા મણુ ૩ શેરમાં કેટલું ઉમેરીએ તો ૩ મણુ થાય?

૨૮) પોણો મણુમાં ૪ાા શેર ઓછું તે કેટલું?

૨૯) પાવલાના ૫ શેર ચોખા મળે તો મણુનું શું બેસે?

૩૦) અઢીશેરના ૨ આના આપ્યા તો મણુનું શું પડયું?

૩૧) રૂ. ૨૨એ મણુ ઘી મળે તો ૦ાા મણુનું શું?

૩૨) ૯ વખત અઢીશેર ચણા લીધા તે કેટલા થયા?

૩૩) ૩૫ શેર અનાજ આપવું હોય તો સવાશેરીથી કેટલી વખત તોળી આપવું? અઢીશેરીથી કેટલી વખત તોળવું?

૩૪) અઢીશેર કેટલી વખત લઇએ તો ૦ાા મણુ થાય?

૩૫) ૨ાા મણુ તોળવા માટે કેટલા અધમણીઆ મૂકવા?

૩૬) કેટલી પાંચશેરીનો ભાર ૨ાા મણુ જેટલો થાય?

૩૭) અધમણીઆ ને પાંચશેરી વડે ૧૫ શેર શી રીતે તોળી આપવું?

૩૮) મારી પાસે દશશેરો છે તેનાથી ૨ાા મણુ શી રીતે તોળી આપવું?

૩૯) મારી પાસે ૧ શેરનું, ૩ શેરનું, ૯ શેરનું અને ૨૭

શેરનું એવાં ચાર કાટલાં છે તે વડે ૧૯, ૨૩, ૨૯, ૩૯ શેર શી રીતે તોળી આપવું ?

૪૦) ઉપલાં ચાર કાટલાંથી ૧,૨,૩,૪,૫, એમ ૪૦ શેર સુધી કેવી રીતે તોળી આપવું ?

- આંકનો ઉપયોગ.

મનોયત્ન ૫.

૧) ૫ એટલે કેટલા દશક ? ૨॥ એટલે કેટલા દશક ? ૭॥ એટલે કેટલા દશક ?

૨) ૧૨॥; ૧૫; ૧૭॥; ૭૫; ૮૭॥; ૨૫ના દશક કેટલા ?

૩) ૫૦ એટલે કેટલા સો ? ૨૫ એટલે કેટલા સો ? ૭૫ એટલે કેટલા સો ?

૪) ૧૨૫; ૧૫૦; ૧૭૫; ૨૫૦; ૩૭૫ ના સો કેટલા ?

૫) ૦॥ દશક; ૦। દશક; ૦॥। દશકના એકમ કેટલા ?

૬) ૦॥ સો; ૦। સો; ૦॥। સો; ૧। સો; અને ૨॥ સો એટલે કેટલા ?

૭) ૧૬×૦।; ૩૨×૦॥; ૪૮×૦॥।; ૫૮×૧।; ૪૩×૧॥ કેટલા?

૮) ૧૬×૨॥; ૨૨×૫; ૪૮×૭॥; ૫૮×૧૨॥; એટલે કેટલા દશક ?

૯) ૮×૦।; ૧૫×૦॥; ૩૫×૦॥।; ૪૩×૧।; ૫૪×૧॥; ૬૭×૨॥ કેટલા ?

૧૦) ૮×૨૫; ૧૫×૫૦; ૩૫×૭૫; ૪૩×૧૨૫; ૫૪×૧૫૦; ૬૭×૨૫૦ એટલે કેટલા સો ?

૧૧) ૨૭×૨૫; ૨૭×૧૫; ૧૨૫×૧૩; ૨૫૦×૬૩; ૧૫૦×૩૭; ૭૫×૩૬ એટલે કેટલા ?

૧૨) ૫૦–૨૫; ૭૫–૫૦; ૧૨૫–૭૫; ૧૫૦–૧૨૫; ૧૭૫–૫૦;

૨૨૫-૧૫૦; ૮૭૫-૧૨૫; ૭૫૦-૨૫૦; ૧૨૫૦-૨૫૦; ૧૨૫૦-૧૨૫; ૭૫૦-૫૦૦; ૩૫૦૦-૨૫૦; ૩૭૫૦-૭૫૦; ૨૨૫૦-૧૧૨૫ કેટલા ?

૧૩) ૧૦૦૦÷૧૨૫, ૧૫૦૦÷૨૫; ૨૨૫૦÷૭૫; ૭૫૦÷૫૦ એટલે કેટલા ?

પ્રકરણ ૪ થું.

આંક અને ધાતોના વ્યાવહારિક પરચુરણ હિસાબ

સૂચના-હિસાબ વ્યવહારમાં લાગુ પાડી પૂછવા.

મનોરત્ન ૬.

૧) ૫ શેરના રૂ. ૦॥≈ તો મણનું શું ?

૨) દશશેરના ૯ આના તો ૨ મણનું શું ?

૩) ૪ આનાનું ૮ શેર તો ૦॥ આનાનું કેટલું ?

૪) ૧૨ શેરના ૬ આના તો ૦॥ આનાનું કેટલું ?

૫) રૂ. ૦।નું મણ તો ૧ આનાનું કેટલું ?

૬) રૂ. ૦॥≈નું મણ તો રૂ. ૦)≈।નું કેટલું ?

૭) રૂ. ૧નું ૧। શેર તો ૯૮॥ શેરનું શું ?

૮) રૂ. ૨॥એ મણ તો ૨૭॥ રૂપીઆમાં કેટલા કેટલા મણ આવે?

૯) રૂ. ૮નું મણ તો ૨૧૬ રૂપીઆનું કેટલા મણ ?

૧૦) રૂ. ૨૧નું ૫૨॥ શેર તો રૂ. ૧)નું કેટલું ?

૧૧) ૬૩ શેરના ૪૨ પૈસા તો ૧॥ શેરનું શું ?

૧૨) ૫ પૈસાનું ૩૫ શેર તો ૬ પૈસાનું કેટલું ?

૧૩) ૩૦ શેરના ૨૪ પૈસા તો ૬। શેર નું ?

૧૪) મણના રૂપીઆ ૨॥ તો ૭॥ રૂપીઆનું કેટલા મણ?

૧૫) રૂ. ૨૫)નું ૧॥ મણ તો ૭॥ મણનું શું ?

૧૬) ૩ મણુના ૩॥ રૂપીઆ તો ૨૭ મણુનું શું

૧૭) ૨૭ મણુના ૧૬૨ રૂપીઆ તો ૧૨ રૂપીઆનું કેટલું ?

૧૮) ૦॥ મણુ ૭ શેરનો ૧ રૂપીઓ તો ૧॥ રૂપીઆનું કેટલું?

૧૯) ૨૨ મણુના ૧૫૪ રૂપીઆ તો ૩ મણુનું શું ?

૨૦) રૂ. ૨૪નું ૧૬ મણુ તો ૧૮ રૂપીઆનું કેટલું ?

૨૧) રૂ. ૧ાનું ૧॥ મણુ તો ૯૩॥ રૂપીઆનું કેટલું ?

૨૨) ૧૨ શેરના ૩૦ આના તો ૭॥ આનાનું કેટલું ?

૨૩) ૪૫ તસુના ૧૫ આના તો ૧૮॥ આનાનું કેટલું ?

૨૪) ૮ આનાનું શેર તો ૧૦ રૂપીઆભારનું શું ?

૨૫) એક પૈસાનું ૨॥ શેર તો રૂ. ૧)નું કેટલું ?

૨૬) રૂ. ૦ાનું શેર તો ૧ા મણુનું શું ?

૨૭) રૂ. ૨ાનું મણુ તો ૩૦ મણુનું શું ?

૨૮) ૫ શેરનો ૧॥ રૂપીઆ તો ૧॥ મણુનું શું ?

૨૯) રૂ. ૧)નું ૧॥ શેર તો ૨૫ રૂપીઆનું કેટલું ?

૩૦) રૂ. ૧ નું ૦॥ શેર તો ૫૧ રૂપીઆનું કેટલું ?

૩૧) રૂ. ૦ાનું શેર તો ૬ા રૂપીઆનું કેટલું ?

૩૨) ૦)=ાનું અધોળ તો શેરનું શું ?

૩૩) રૂ. ૧નું ૧॥ મણુ તો ૪૮ મણુનું શું ?

૩૪) રૂ. ૧ની ૩૬ સ્લેટ તો ૧ા રૂપીઆની કેટલી ?

૩૫) રૂ. ૧)ની ૨॥ શેર બરફી મળે તો રૂ. ૩૫)ની કેટલી આવે?

૩૬) મણુ ઘઉંમાંથી ૮ વખત સરખા દળવા આપ્યા ત્યારે દરેક વખતે કેટલા આપ્યા હશે ?

૩૭) ૫૦ માણુસો વચ્ચે ૨॥ મણુ દૂધ વપરાયું ત્યારે એક માણુસે કેટલું પીધું હશે ?

૩૮) એક શેરની ૫ કેરી ચઢે ત્યારે ૧ા મણુની કેટલી ચઢશે ?

૩૯) રૂ. ૧)ની ૨૩ શેર જુવાર મળે તો ૦ા મણ ૮ા શેરનું શું બેસશે ?

૪૦) ૬૮ કેરીનો રૂ. ૧) બેસે તો ૨ા રૂપીઆમાં કેટલી આવશે?

૪૧) રૂ. ૬)ની મણ કેરી મળે તો રૂ. ૧૭૪)ની કેટલી આવશે ?

૪૨) રૂ. ૧)નું ૧ાા શેર ઘી મળે તો રૂ. ૩૦૦)નું કેટલું?

૪૩) ૧ા શેરના ૭ા રૂપીઆ તો ૧ શેરનું શું ?

૪૪) ૧ાા શેરના ૭૫ પતાસાં ચઢે તો ૨ા શેરનાં કેટલાં ચઢશે?

૪૫) મણ કારેલાંનો ૧ાા રૂપીઓ તો ૦ાા મણનું શું ?

૪૬) રૂ. ૬)નું ૧ાા મણ તો ૧ મણનું શું ?

૪૭) ૨ા મણના ૧૨ા રૂપીઆ તો મણનું શું ?

૪૮) ૧ાા પાઇની એક પેન તો ૧ાા આનાની કેટલી ?

૪૯) ૩ આનાનું ૧ શેર તો ૩ પાવલીનું કેટલું ?

૫૦) રૂ. ૧૬ાનું ૧ાા મણ તો ૧૩ાા રૂપીઆનું કેટલું ?

૫૧) ૨ા મણના ૧૨ા રૂપીઆ તો ૭ા રૂપીઆનું કેટલું ?

૫૨) ૪ શેરનો ૧ા રૂપીઓ તો મણનું શું ?

૫૩) રૂ, ૯)નું ૧૩ાામણ તો ૭ રૂપીઆનું કેટલું ?

૫૪) રૂ. ૧૬ાનું ૧૩ મણ તો ૩૭ાા રૂપીઆનું કેટલું ?

૫૫) ૫૬ દોઢ પાઇ વટાવીએ તો કેટલી પાઇઓ આવશે ?

૫૬) ૩૭ાા મણના કોઠારમાંથી ૨ા મણના કેટલા ટોપલા ભરાશે?

૫૭) મારી પાસે ૩૧ા મણ અનાજ છે કોઠારમાં ૪૦ મણ માય છે. કોઠાર ભરવાને કેટલું અનાજ લાવવું ?

૫૮) રૂ. ૦ાા કેટલીવાર લઉં તો ૭૨ રૂપીઆ થાય ?

૫૯) રૂ. ૭૨માં ૦ાા રૂપીઓ કેટલીવાર છે ?

૬૦) રૂ. ૦ાા વાળી ૭૨ રૂપીઆમાંથી કેટલી ટોપીઓ આવે ?

૬૧) રૂ. ૫૫ માંથી ૦ાા રૂપીઆની એક એવી કેટલી ચોપડી આવશે ને શું બચશે ?

૬૨) મને પહેલે દિવસે રૂ. ૩ાા, બીજે દિવસે રૂ. ૧ાાા, ત્રીજે દિવસે રૂ. ૨ા અને ચોથે દિવસે રૂ. ૧ાા= ખરચ થયો ત્યારે કુલ કેટલો ખર્ચ થયો ?

૬૩) ૩ાાા મણુ જુવાર, ૨ા મણુ ઘઉં, અને ૭ મણુ બાજરી લાવ્યો ત્યારે કેટલા મણુ અનાજ લાવ્યો ? જો દર મણુની સરેરાસ કિંમત ૧ાા રૂપીઆ હોય તો કેટલા રૂપીઆ આપવા પડે ?

૬૪) ૪ાાા મણુ ૫ શેર ઘઉંમાંથી ૧ા મણુ દળવા આપ્યા ત્યારે બાકી કેટલા રહ્યા ?

૬૫) ૩૭ાા શેર ચોખામાં બીજા કેટલા નાખું તો ૧ા મણુ થાય ?

૬૬) ૧૫ માઇલ ચાલતાં ૭ાા કલાક લાગે તો ૭૨ માઇલિ ચાલતાં કેટલો વખત લાગશે ?

૬૭) રૂ. ૧)નું ૨ાાવાર કપડું મળે તો રૂ ૭૦૦)નું કેટલું આવશે ?

૬૮) ૭૧ પાંઘડીના રૂ. ૧૦૬ાા બેસે તો ૧૯ પાઘડીનું શું ?

૬૯) ૨૧ શેર ચાના રૂ. ૨૬ા બેસે તો રૂ. ૩ાાામાં કેટલી આવશે ?

૭૦) ૩ મણુ ઘીના રૂ. ૧૨૦ બેસે તો શેરનું શું ?

૭૧) રૂ. ૨ાા થી રૂ. ૭૨ાા એ કેટલા ગણા છે ?

૭૨) રૂ. ૧ાાની એક એવી ૭૩ાા રૂપીઆમાંથી કેટલી ટોપી આવે?

૭૩) રૂ. ૭૩ાા માં રૂ. ૧ાા કેટલીવાર છે ?

૭૪) રૂ. ૧ાા એ રૂ. ૭૩ાા માં કેટલીવાર છે ?

૭૫) રૂ. ૪ નું શેર તો ૩૦ રૂપીઆભારનું શું ?

૭૬) રૂ. ૫) નું શેર તો ૩ પાશેરનું શું ?

૭૭) રૂ. ૮) નું શેર તો રૂ. ૬)નું કેટલું ?

૭૮) રૂ. ૯ નું શેર તો રૂ. ૨ાનું કેટલું ?

૭૯) રૂ. ૪ાા નું શેર તો રૂ. ૨ાનું કેટલું ?

૮૦) રૂ. ૨ાા નું શેર તો ૪૦ પૈસાનું કેટલું ?

૮૧) રૂ. ૧। નું શેર તો ૧૦ આનાનું કેટલું ?
૮૨) રૂ. ૧॥ નું શેર તો રૂ. ૪૯॥નું કેટલું ?
૮૩) રૂ. ૧। નું શેર તો રૂ. ૪૩॥નું કેટલું ?
૮૪) રૂ. ૦॥નું શેર તો રૂ. ૯॥નું કેટલું ?
૮૫) રૂ. ૨॥નું શેર તો રૂ. ૫૨॥નું કેટલું ?
૮૬) રૂ. ૦)=॥નું રૂપીઆભાર તો શેરનું શું ?
૮૭) રૂ. ૦)=નું ૫ શેર તો મણનું શું ?
૮૮) રૂ. ૧। નું ૧૦ શેર તો ૧॥ મણનું શું?
૮૯) રૂ. ૩)નું ૦॥ મણ તો ગ॥ મણનું શું ?
૯૦) રૂ. ૦। નું ૧। શેર તો મણનું શું ?
૯૧) રૂ. ૨। નું શેર તો ૪ અધોળનું શું ?
૯૨) રૂ. ૧॥નું શેર તો ૨ નવટાંકનું શું ?
૯૩) રૂ. ૬॥નું શેર તો પાશેરનું શું ?
૯૪) રૂ. ૨।નું શેર તો ૧૦ રૂપીઆભારનું શું ?
૯૫) રૂ. ૮ નું શેર તો ૧૮ પૈસાભારનું શું ?
૯૬) રૂ. ૫। નું શેર તો ૮ અધોળનું શું ?
૯૭) રૂ. ૭॥ નું શેર તો ૪ નવટાંકનું શું ?
૯૮) રૂ. ૧૭॥નું શેર તો ૨ પાશેરનું શું ?
૯૯) રૂ. ૨૧। નું શેર તો ૨૦ રૂપીઆભારનું શું ?
૧૦૦) રૂ. ૮॥નું શેર તો ૦॥ શેરનું શું ?
૧૦૧) રૂ. ૫॥નું શેર તો ૧૨ અધોળનું શું ?
૧૦૨) રૂ. ૨॥નું શેર તો દોઢ અચ્છેરનું શું ?
૧૦૩) રૂ. ૩॥નું શેર તો ૬ નવટાંકનું શું ?
૧૦૪) રૂ. ૨૨॥નું ૨॥ શેર તો ૯ રૂપીઆનું કેટલું ?
૧૦૫) રૂ. ૦।નું ૧૦ રૂપીઆભાર તો ૨॥ શેરનું શું ?
૧૦૬) ર. ૦॥નું ૫ રૂપીઆભાર તો શેરનું શું ?

૧૦૭ રૂ. ૦ાાનું ૨ાા રૂપીઆભાર તો શેરનું શું?
૧૦૮) રૂ. ૦)≡નું ૫ રૂપીઆભાર તો ૨ શેરનું શું ?
૧૦૯) રૂ. ૦ા≡ાનું ૭ાા રૂપીઆભાર તો ૧ શેરનું શું ?
૧૧૦) રૂ. ૧૨નું મણ તો ૪ અઢીશેરીનું શું?
૧૧૧) રૂ. ૩ આનાનું ૨ાા શેર તો મણનું શું?
૧૧૨) રૂ. ૦)≡નું ૨ાા શેર તો મણનું શું ?
૧૧૩) રૂ. ૦)≡ાનું ૨ાા શેર તો મણનું શું ?
૧૧૪) રૂ. ૦ા−નું ૨ાા શેર તો મણનું શું?
૧૧૫) ૨ાા શેરના ૩ આના તો ૦ાા મણનું શું?
૧૧૬) પાશેરનો ૧ાા આનો તો ૨ શેરનું શું?
૧૧૭) નવટાંકનો ૧ા આનો તો શેરનું શું ?
૧૧૮) ૨ા આનાનું નવટાંક તો ૨ અચ્છેરનું શું ?
૧૧૯) રૂ. ૨ાનું ૫ શેર તો ૪ રૂપીઆનું કેટલું ?
૧૨૦) ૧ાા મણના રૂ. ૮) તો ૧૫ શેરનું શું ?
૧૨૧) રૂ. ૫ નું મણ તો રૂ. ૧નું કેટલું ?
૧૨૨) રૂ. ૮નું મણ તો રૂ. ૨ાનું કેટલું ?
૧૨૩) રૂ. ૦ાા≡નું શેર તો ૧ા શેરનું શું ?
૧૨૪) રૂ. ૦ાા≡ આનાનું ૫ રૂપીઆભાર તો શેરનું શું ?
૧૨૫) ૧ા આનાની શેર પાપડી મળે તો ૧ા મણ ૩ શેરનું શું?
૧૨૬) ૧૦ રૂપીઆભારના ૩ આના તો શેરનું શું?
૧૨૭) ૩ શેરના રૂ. ૯) તો ૦ાાા મણનું શું ?
૧૨૮) રૂ. ૦)≡ાનું ૧ાશેર તો મણનું શું ?
૧૨૯) ૨ાા શેરનો રૂ. ૧) તો ૧ાા મણનું શું ?
૧૩૦) રૂ. ૦ા≡નું શેર તો મણનું શું ?
૧૩૧) ૪ શેરનાં ૬ રૂપીઆ તો ૩૯ શેરનું શું ?
૧૩૨) ૮ પાઇનું શેર દૂધ મળે તો ૮ આનાનું કેટલું આવે?

૧૩૩) ૨ા રૂપીઆભારનો એક આનો તો શેરનું શું

૧૩૪) ૫ અધોળના ૭ા આના તો શેરનું શું ?

૧૩૫) ૮ આનાનું મણુ મીઠું મળે તો ૪ પૈસાનું કેટલું ?

૧૩૬) રૂ. ૧૨ાનું મણુ તો ૨ા રૂપીઆમાં કેટલું આવશે ?

૧૩૭) એક આનાનું ૨ા અધોળ ઘી મળે તો રૂ. ૧નું કેટલું ?

૧૩૮) રૂ. ૧)નું અધોળ કેસર મળે તો ૨ા શેરનું શું આપવું ?

૧૩૯) ૨ા શેરના ૩ આના તો મણનું શું ?

૧૪૦) ૨ા શેર દૂધનો એક આનો તો રૂ. ૨ાનું કેટલું ?

૧૪૧) એક આનાનું ૨ા શેર તો ૨ા મણનું શું

૧૪૨) ૧૬ રૂપીઆનું ૧ મણ તો ૨ા શેરનું શું ?

૧૪૩) રૂ. ૦ા≈નું ૨ા શેર તો ૬ રૂપીઆનું કેટલું આવશે ?

૪૪) ૨૦ ધાના ૩૦ આના તો ૩ ધાનું શું ?

૧૪૫) ૧ રૂપીઆનું ૨ા શેર તો ૩૫ શેરનું શું ?

૧૪૬) ૬ આનાનું ૨ા શેર તો મણનું શું ?

૧૪૭) ૨૯ આનાની ૮૭ નારંગી મળે તો ૭ આનાની કેટલી ?

૧૪૮) ૧ા રૂપીઆનું ૨૪ તસુ તો ૫ તસુનું શું ?

૧૪૯) ૧૨૦ રૂપીઆની ૨૪ ટોપી તો ૯ ટોપીનું શું ?

૧૫૦) ૧ લીટીમાં ૯ શબ્દ લખાય છે તો ૨૩૪ શબ્દની કેટલી લીટી થશે ?

૧૫૧) ૩૬ તસુના ૪ા રૂપીઆ તો ૩ તસુનું શું ?

સમાપ્ત.